| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૬/૦૬/૨૦૨૬ | | |
| રજીસ્ટર તારીખ | ૦૬/૦૬/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | ૧૬/૦૬/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૧૧ |

**રાજકોટના મહે. એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુકામઃ રાજકોટ.**

**ફોજદારી પરચુરણ અરજી નંબરઃ ૧૮૬૨/૨૦૨૬.**
**આંકઃ ૦૯**

**અરજદાર/આરોપી.**

**અજય ભેરૂભાઇ પ્રજાપતિ,**
ઉ.વ. આ.૨૩, વ્યવસાયઃ વેપાર,
રહે. ખોડલધામ સોસાયટી શેરી નં.૧,
મેલડીમાતાના મંદિર પાસે,
મેંગો માર્કેટ પાસે, કુવાડવા રોડ, રાજકોટ.

**-// વિરૂધ્ધ //-**

**સામાવાળા.**

**(૧) શ્રી સરકાર.**
**(૨) મુળ ફરીયાદી.**

**બાબત: બી.એન.એસ.એસ. કલમ ૪૮૨ મુજબ આગોતરા જામીન અરજી.**

------------------------------------

**અરજદાર તરફે :- વિધ્વાન વકીલશ્રી આર.વી.કલોલા.**
**સામાવાળા તરફે :- વિધ્વાન એ.પી.પી. શ્રી કે.બી.ડોડીયા.**

------------------------------------

## ચુ કા દો –

૧. રાજકોટ શહેર, બી–ડિવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબર: ૧૧૨૦૮૦૫૧૨૬૦૩૭૪/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ–૧૦૮, ૮૫ મુજબના કામે અરજદારે હાલની આ અરજી બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૨ અન્વયે આગોતરા જામીન પર મુક્ત થવા માટે અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

૨. આ અરજી દાખલ થતાં સામાવાળાને નોટીસ કરવામાં આવેલ અને નોટીસ બજતા સામાવાળા/સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી હાજર થયેલા છે તથા તપાસ કરનાર અધિકારીનુ સોગંદનામું રજુ રાખેલ છે.

૩. અરજદાર તરફે વિદ્વાન વકિલશ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે, કહેવાતો કોઇ ગુન્હો કરેલ નથી. અરજદાર/આરોપી કયાય નાશી ભાગી જાય તેમ નથી. અરજદાર/ આરોપીને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. અરજદાર/આરોપીનો કોઇ ગુનાહીત ઈતિહાસ નથી. તેમજ આત્મહત્યા કરવા માટે પ્રેરણા કરેલ નથી. તપાસમાં સહકાર આપવા તૈયાર છે. નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનુ પાલન કરવા ખુશી અને તૈયાર છે. જેથી હાલના અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

૪. સામાવાળા/સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી મરણજનારના પતિ છે. અન્ય સ્ત્રી સાથે અનૈતિક સંબંધ છે. જેથી તેને જાણ થયેલ અને શારીરીક માનસીક ત્રાસ આપેલ છે. જેથી અરજદાર/આરોપીની આગોતરા જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

૫. બંને પક્ષકારોને સાંભળ્યા. તપાસ કરનાર અમલદારનું સોગંદનામું વંચાણે લીધુ. તપાસ કરનાર અમલદારે સોગંદનામામાં જણાવેલ છે કે, આ કામના મુળ ફરીયાદી તરફે લેખીત વાંધા રજુ કરેલ છે. જે વંચાણે લેવામાં આવેલ છે. તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ વંચાણે લેતા તેમાં જણાવેલ છે કે, આ કામે અરજદાર/આરોપીને અન્ય ક્રિશાનંદા નામની છોકરી સાથે અફેર હોય અને તે બાબતના અફેરવાળી છોકરી સાથેના અલગ અલગ ફોટા અરજદાર/આરોપીના ફોનમા હોય જે બાબતે મરણ જનાર નીકીતાબેને તેમના પતિ અરજદાર/આરોપીને અવાર નવાર સમજાવતા સમજેલ નહીં અને મરણ જનારને જણાવેલ કે હુ આ અફેરવાળી છોકરીને છોડી શકુ તેમ નથી. તારે રેવુ હોય તો રહે નહીતર અહીથી ચાલી જા તેવુ જણાવતા હોય બાદ કામના અરજદાર/આરોપી પોતાના ઘરે સ્મોક કરીને આવતા મરણ જનાર નીકીતાબેને તેને સ્મોક ન કરવા સમજવાતા આ કામના અરજદાર/આરોપીએ મરણ જનારને માર મારેલ અને કહેલ કે મારે અફેરવાળી છોકરી મારા ઘરે તારી જગ્યાએ લાવવી છે. તુ મરી જા તો મારો રસ્તો થઇ જાય તેવા મરણ જનારને અવાર નવાર આ કામના અરજદાર/આરોપી તથા તેના માતા પિતા મહેણા ટોણા મારી ફરીયાદીની બહેન પર દબાણ કરી માનશીક શારીરિક ત્રાસ આપતા હોય જેથી મરણ જનાર પોતે મરવા મજબુર થયેલ હોય અને અરજદાર/આરોપીએ મરણ જનારને આપઘાતનું દુષ્પ્રેરણ કરેલ હોય જેમા મરણ જનાર પોતાની જાતે ગળાફાંસો ખાઇ મરણ ગયેલ હોવાનો આક્ષેપ છે. આ કામે પોલીસ પેપર્સ વંચાણે લેતા અરજદાર દ્વારા તેમના પત્નીને શારીરીક માનસીક ત્રાસ આપવામાં આવેલ છે. અને તે કારણે જ મરણ જનારે આપઘાત કરેલ છે. આમ આરોપી વિરૂદ્ધ પ્રાઇમાફેશી કેસ છે. વધુમાં અરજદાર પતિ છે. તેમજ લગ્ન જીવન છ માસ ઉપરાંતનું છે. તે સંજોગોમાં અરજદાર/આરોપીની તરફેણમાં વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવો ન્યાયોચીત જણાતુ

નથી. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-// હુકમ //-**

૧. અરજદાર/આરોપીની હાલની આગોતરા જામીન અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

હુકમ, આજ તારીખઃ ૧૬મી, માહેઃ જુન, સનેઃ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૬/૦૬/૨૦૨૬
સ્થળઃ રાજકોટ.

**(વિજયસિંહ અભેસિંહ રાણા)**
સ્પે.જજ(પોકસો કોર્ટ) અને
એડીશનલ સેશન્સ જજ,
રાજકોટ.
(UIC NO.GJ 01510)

*//P.B.BHATT//*